માર્ચ ૨૦૧૯, ટોરોન્ટો

# શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર (કેનેડા)એ ભારતમાં આવેલ શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલને રૂ.બાવન લાખ (CAD $ 105,999) ની કિંમતના ત્રણ વેન્ટિલેટર અર્પણ કર્યા

શ્રીમદ્ રાજચંદ્રજીની પ્રેરણા અને શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈના માર્ગદર્શન હેઠળ ભારતના ગુજરાત રાજ્યના ધરમપુર તથા તેની આસપાસના વિસ્તારોમાં જરૂરિયાતમંદ લોકોની આરોગ્ય સારવાર અર્થે ચેરિટેબલ **શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ**ની સ્થાપના કરવામાં આવી છે. પૂજ્ય ગુરુદેવશ્રીની એ ભાવના રહી છે કે અહીંના લોકોને પણ શહેરી વિસ્તારો જેવી અદ્યતન આરોગ્ય સારવાર મળે અને તેઓની પરિવારના સભ્યની જેમ જ સંભાળ લેવામાં આવે. આ ભાવનાથી પ્રેરાઈને **શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલમાં** આંતરરાષ્ટ્રીય કક્ષાની અદ્યતન અને ગુણવત્તાભરી સારવાર ઉપલબ્ધ છે, જેની સરાહના કરતાં ગુજરાત સરકારે  તેને વલસાડ જિલ્લાની **ફર્સ્ટ રેફરલ યુનિટ** તરીકે જાહેર કરી છે.

આ ગ્રામ્ય વિસ્તારમાં શિશુમૃત્યુ અને માંદગીનું પ્રમાણ ઘણું ગંભીર છે. તેથી **શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ**માં શિશુજન્મથી લઈને તેઓના જીવનના પ્રારંભિક વર્ષો સુધી સમગ્રપણે આવરી લેતો કરુણાસભર અભિગમયુક્ત કાર્યક્રમ અપનાવવામાં આવ્યો છે. શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર (કેનેડા)એ અહીંના **શ્રીમદ્ રાજચંદ્ર નિઓનૅટલ ઈન્ટેન્સીવ કેર યુનિટને** રૂ.બાવન લાખ (**CAD$ 105,999**)ની કિંમતના ત્રણ વેન્ટિલેટર અર્પણ કર્યા છે. અદ્યતન સાધનો અને નિષ્ઠાપૂર્ણ વિશેષજ્ઞ ડૉક્ટરોથી સજ્જ આ યુનિટ ચોવીસે કલાક સેવા આપે છે. અહીં વર્ષે લગભગ ૮૦૦ નવજાત શિશુઓની અત્યંત પ્રેમ અને કાળજીપૂર્વક સારવાર થાય છે, જેમાં ૨૫% થી વધુ અત્યંત ગંભીર હાલતમાં હોય છે. આ યુનિટ શરૂ કરવામાં આવ્યું ત્યારે આ વિસ્તારમાં  શિશુમૃત્યુનો દર ૫૦ હતો, જે હવે ૩૦ છે. આ સિદ્ધિમાં શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલનું મહત્વપૂર્ણ યોગદાન છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનથી સંસ્થાપિત શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર(કેનેડા) પોતાની પ્રવૃત્તિઓનો વ્યાપ એ રીતે વધારી રહ્યું છે કે જેથી સાધકો ભગવાન મહાવીર દ્વારા પ્રરૂપિત અને શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા પ્રકાશિત સનાતન ધર્મનો આધાર લઈ આધ્યાત્મિક ઉત્થાન સાધી શકે. આ માટે પ્રવચનો, ભક્તિ, ધ્યાન વગેરે યોજવામાં આવે છે. આ ઉપરાંત વર્કશોપ્સ અને યાત્રાપ્રવાસો યોજવા, શાસ્ત્રો અને અન્ય પુસ્તકોનું પુસ્તકાલય ચલાવવું વગેરે પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત સમાજના અભાવગ્રસ્ત લોકોની સેવા કરવા અને તેઓના જીવનમાં આનંદનો આવિર્ભાવ કરાવવા અનેક સામાજિક પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે.

૨૦૧૭માં શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૦મી જન્મજયંતીના વર્ષ નિમિત્તે થયેલ એક વર્ષીય ઉજવણીના એક ભાગરૂપે પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી મહાત્મા ગાંધીજી અને તેમના માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજીના ગહન આધ્યાત્મિક સંબંધો પર આધારિત **'યુગપુરુષ-મહાત્માના મહાત્મા'** નાટકનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેની રજૂઆત દ્વારા શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર (કેનેડા)એ **શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ** માટે ધનરાશિ એકત્ર કરી હતી. ડિસેમ્બર, ૨૦૧૮માં આ ધનરાશિમાંથી તેણે સિકકિડ્સ ફાઉન્ડેશનને $ ૨૩,૦૦૦ અર્પણ કર્યા હતા.

શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર(કેનેડા)ના પ્રમુખ શ્રી પ્રદીપ સંઘવીએ મિશન વતી **શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને** સિકકિડ્સ ફાઉન્ડેશનના અભિયાનોમાં સહાયભૂત થવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે આપણે ભાગ્યશાળી છીએ કે આપણને કેનેડામાં આંતરરાષ્ટ્રીય કક્ષાની આરોગ્ય સારવાર ઉપલબ્ધ છે. હવે આપણે જેને તેની જરૂરત છે, તેને તે ઉપલબ્ધ કરાવવામાં મદદરૂપ બનીએ.